| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ : | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ : | ૨૭/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | **૦૭/૦૩/૨૦૨૬** | | |
| સમય : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**નડીયાદના મહેરબાન સેકન્ડ એડીશ્નલ સેશન્સ જજ અને**
**સ્પે.પોકસો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડીયાદ.**

ફોજદારી પરચુ. અરજી નં. ૨૫૨/૨૦૨૬
આંક :

**અરજદાર :–** **જયકુમાર ધીરૂભાઈ રામજીભાઈ દેસાઈ**
ઉ.વ. ૩૫, ધંધો–વેપાર,
રહે. જયશ્રી શેષ નિવાસ, સ્ટેટ બેન્કની સામે,
બાપુનગર, અમદાવાદ, તા.જી. અમદાવાદ.
(હાલ જયુડી. કસ્ટડીમાં)

**: વિરૂધ્ધ :**

**સામાવાળા :–** **ગુજરાત રાજય સરકારશ્રી,**

**બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે વચગાળાની જામીન માટે અરજી.**

**માનવતાના કારણસર વચગાળાની જામીન અરજી**

........................................................................................

અરજદાર તરફે વિ.વ.શ્રી કે.બી. સોની
સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી ડી.આર. બારોટ

........................................................................................

**-: ચુકાદો :-**

(૧) આ કામના અરજદાર/આરોપીને **નડીઆદ ટાઉન** પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.**૧૧૨૦૪૦૪૬૨૫૦૯૫૪/૨૦૨૫,** બી.એન.એસ.ની કલમ ૭૫(૨), ૭૮(૨) તથા પોકસો એકટની કલમ ૭, ૮ મુજબના ગુનાના કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા ધરપકડ કરવામાં આવેલ હોય અને તપાસના અંતે ચાર્જશીટ રજુ થતા હાલના અરજદાર/આરોપી સામેનો પોકસો કેસ નંબર : ૩/૨૦૨૬ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ હોય, હાલના અરજદાર આરોપીએ હાલની અરજી કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપીના ફોઈનું અવસાન થયેલ હોય જેઓની સામાજીક વિધિમાં હાજરી આપવાની અત્યંત જરૂરી હોઈ, જેથી અરજદારને **દિન-૨૦** ના વચગાળાના જામીન મંજુર કરવા વિનંતી કરવામાં આવેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટીસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી ડી.આર. બારોટ હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ હાલની આ વચગાળાની જામીન અરજી સંદર્ભે અભિપ્રાય રજૂ કરેલ છે અને કેસ-કાગળોની હકીકતો વંચાણે લીધી.

(૩) આ કામમાં આરોપી તરફથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જેમાં એફ.આઈ.આર., ચાર્જશીટ, મુકિતધામ ટ્રસ્ટનું પ્રમાણપત્ર, બેસણાનું પેમ્પલેટ સામેલ રાખેલ છે.

(૪) આ કામે આરોપી વિરૂધ્ધની ફરીયાદપક્ષની ફરીયાદની ટુંક હકીકતને ધ્યાને લેતાં, આ કામના અરજદાર /આરોપીએ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર ઉ.વ.૧૫ વર્ષ ૭ માસ ૭ દિવસ નાની સ્કુલેથી પરત આવતા રસ્તામાં પાછળથી

એકસેસ કે એકટીવા સ્કુટર લઈ આવી આગળ જઈ પાછુ વાળી ભોગ બનનારની ડાબી બાજુની છાતી ઉપર હાથ મારી છેડતી કરી, નાસી જઈ ગુન્હો કર્યાનો આક્ષેપ છે. આમ, અરજદાર/આરોપી સામે પોકસો એકટ મુજબના ગુન્હાનો ગંભીર પ્ર કારનો ગુન્હો આચર્યો હોવાનો આક્ષેપ છે.

(૫) આ કામમાં અરજદાર તરફે તેમના વિ.વ.શ્રીએ રજુઆત કરી જણાવેલ છે કે,સદર અરજી કેસના ગુણદોષ ઉપર ચર્ચા ન કરતા તેઓને વચગાળાના જામીન મેળવવા માટે સદર અરજી કરેલ છે. અરજદાર/આરોપીના ફોઈ જીતાબેન બબાભાઈ દેસાઈ નાઓનું તા. ૨૫/૦૨/૨૦૨૬ ના રોજ અવસાન થયેલ હોય જેઓની બારમાંની વિધિ સામાજીક રીતે રીવાજ મુજબ તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ રાખેલ હોય તેમજ અસ્થિ (ફુલ) પધરાવવા માટે હરીધ્વાર જવાનું હોવાથી તથા બીજી અન્ય સામાજીક વિધિમાં હાજરી આપવાની અત્યંત જરૂરી હોઈ, જેથી નામ. કોર્ટ ફરમાવે તે શરતોને આધિન દિન–૨૦ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

વધુમાં અરજદારના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, અરજદારે અગાઉ ક્રિ.પ્ર ા.અ.નં. ૩/૨૦૨૬ થી રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરેલ જે વિથ્ડ્રો કરેલ છે ત્યારબાદ ચાર્જશીટ બાદ ક્રિ.પ્રા.અ.નં. ૩૮/૨૦૨૬ દાખલ કરેલ જે નામંજુર થયેલ છે તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટમાં જામીન મેળવવા માટે ક્રિ.અરજી નં. ૩૭૫૦/૨૦૨૬ દાખલ કરેલ જે વિથ્ડ્રો કરેલ છે.

(૬) આ કામમાં સરકાર તરફે વિ.પી.પી. શ્રી ડી.આર. બારોટને સાંભળ્યા. તેમની દલીલ છે કે, સદર કામે ત.ક.અમલદારનો રીપોર્ટ જોતા ગુજરનાર જીતાબેન અરજદાર/આરોપીના ફોઈ થાય છે અને તેઓના સામાજીક રીત રીવાજ મુજબ બારમાની વિધિ માટે પિયરપક્ષ તરફે તેમજ ગુજ.ના ભાઈ પક્ષે તેમજ આરોપીના

મોટા ભાઈ પણ હયાત તેમજ હાજર હોય, અરજદાર/આરોપીને વચગાળાના જામીન નહીં આપવા અભિપ્રાય આપેલ હોય, જે તમામ હકીકતો ધ્યાને લેતા અરજદાર/આરોપી વગર પણ સદર વિધિ થઈ શકે તેમ હોય જેથી અરજદાર/આરોપીની સદર અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૭) આ કામમાં બન્ને પક્ષકારોની દલીલ ધ્યાનમાં લીધી. આ કેસની હકીકત ધ્યાનમાં લેતા આ કામના અરજદાર /આરોપીએ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર ઉ.વ.૧૫ વર્ષ ૭ માસ ૭ દિવસ નાની સ્કુલેથી પરત આવતા રસ્તામાં પાછળથી એકસેસ કે એકટીવા સ્કુટર લઈ આવી આગળ જઈ પાછુ વાળી ભોગ બનનારની ડાબી બાજુની છાતી ઉપર હાથ મારી છેડતી કરી, નાસી જઈ ગુન્હો કર્યાનો આક્ષેપ છે.અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીના ફોઈ જીતાબેન બબાભાઈ દેસાઈ નાઓનું તા. ૨૫/૦૨/૨૦૨૬ ના રોજ અવસાન થયેલ હોય જેઓની બારમાંની વિધિ સામાજીક રીતે રીવાજ મુજબ તા.૦૮/૦૩/૨૦૨૬ ના રોજ રાખેલ હોય તેમજ અસ્થિ (ફુલ) પધરાવવા માટે હરીધ્વાર જવાનું હોવાથી તથા બીજી અન્ય સામાજીક વિધિમાં હાજરી આપવાની અત્યંત જરૂરી હોઈ, જેથી સદર કેસના ગુણદોષ ઉપર ચર્ચા ન કરતા તેઓને માનવતાના ધોરણે વચગાળાના દિન–૨૦ ના જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે. પરંતુ સરકારી વ.શ્રીએ રજુઆત કરેલ છે કે,આ કામે રજુ થયેલ ત.ક.અમલદારનો પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા ગુજરનાર જીતાબેન અરજદાર/આરોપીના ફોઈ થાય છે અને તેઓના સામાજીક રીત રીવાજ મુજબ બારમાની વિધિ માટે પિયરપક્ષ તરફે તેમજ ગુજ.ના ભાઈ પક્ષે તેમજ આરોપીના મોટા ભાઈ પણ હયાત તેમજ હાજર હોય, અરજદાર/આરોપીને વચગાળાના જામીન નહીં આપવા અભિપ્રાય આપેલ હોય, અરજદાર/આરોપી વગર પણ સદર વિધિ થઈ શકે તેમ હોય તેવું જણાવેલ છે. આ સંજોગોમાં અરજદાર/આરોપીની

ગુજરનાર ફોઈની સામાજીક વિધિ અને બારમાની વિધિ માટે કુટુંબના અન્ય સભ્યો હાજર હોય તેમજ અરજદારની હાજરી વિના પણ સદર વિધિ થઈ શકે તેમ હોય, આવા ગંભીર ગુનાના આરોપીને સદર કારણોસર વચગાળાના જામીન ઉપર મુકત કરવા માટે આ અદાલતને મળેલ વિવેકબુધ્ધિની સત્તા વાપરવી ન્યાયોચિત જણાઈ આવતુ ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) અરજદાર/આરોપીની **ફોજ.પ.અ.નં.૨૫૨/૨૦૨૬** આથી **નામંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: **૭મી માહે માર્ચ સને ૨૦૨૬** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ.
તા. ૦૭/૦૩/૨૦૨૬

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
બીજા એડીશનલ સેશન્સ જજ અને
સ્પે. પોકસો જજ, ખેડા-એટ-નડીયાદ.
**(જયુડી. કોડ નં. જીજે.૦૧૬૦૦)**

/મિશ્રા